## જન્મદિને વધામણી



વલ્લભભાઈ દેસાઈ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૭૬૦૦૦ ૫૭૨૦૦



જૈનિલ મનીષ ખત્રી
મો. ૯૪૨૬૩ ૫૯૫૨૨



મહંમદરૂહાન
દિલશાદહુસેન શેખ



હર્ષિલકુમાર ડી સોલંકી
મો. ૯૯૦૪૬ ૩૧૧૦૬



હિતેષ શ્રીમાળી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

# પ્રેરણા વિદ્યાલય દ્વારા જન્માષ્ટમી ઉજવાઈ



ગાંધીનગર, તા. ૪

સૅક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયના બાલમંદિરમાં અભ્યાસ કરતાં ભૂલકાઓ દ્વારા જન્માષ્ટમી પર્વની ઉજવણી ભાવપૂર્વક કરવામાં આવી હતી.

રાધા-કૃષ્ણની મનોહર વેશભૂષા ધરીનો આવેલાં બાળકોએ સુંદર દશ્યોનું સર્જન કર્યું હતું અને મટકીફોડ કાર્યક્રમ યાદગાર રીતે યોજ્યો હતો. માખણ, ચોકલેટ, કેળાંનો પ્રસાદ બાળકોને વહેંચવામાં આવ્યો હતો.

ટ્રસ્ટી નરેશભાઈ શાહ, આર એમ પટેલ અને આચાર્ય મનીષભાઈ ખત્રીના નેતૃત્વમાં વિદ્યાર્થીઓ સહિત શિક્ષકોએ પણ આ ઉજવણીમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન બાલમંદિરનાં શિક્ષક હિનાબેન ત્રિવેદી અને ફાલ્ગુનીબેન મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.

### ગાંધીનગરની પુસ્તક પરબમાં


# વાચન સાથે સ્વચ્છતાની સુવાસ પ્રસરી






ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના ઘ-૪ સર્કલ ખાતે આજે સપ્ટેમ્બર માસના પ્રથમ રવિવારે મૃતભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉન્ડેશન દ્વારા પુસ્તક પરબ યોજાઈ હતી. આ રવિવારની પુસ્તક પરબમાં સેક્ટર-૧૧ની સીઆઈએમએસ કંપની દ્વારા સ્વચ્છતા જાળવણીની સેવા પુરી પાડવામાં આવી હતી. જેને પુસ્તક પરબના આયોજકો દ્વારા બિરદાવવામાં આવી હતી. પુસ્તક પરબમાં આજે સવારથી જ વાંચકોની ભીડ રહી હતી પરંતુ તે પૂર્વે જ સીમ્સ કંપનીના સ્વયંસેવકોએ સ્થળની સફાઈ કરી રાખી હતી. પુસ્તક પરબમાં ૨૨૪ પુસ્તકો અને ૧૫૭ સામયિકો સાથે કુલ ૩૮૧ની આવક સામે ૨૧૪ પુસ્તકો અને ૧૪૬ સામયિકો સહિત ૩૬૦ની જાવક નોંધાઈ હતી. પુસ્તક પરબની મુલાકાતે યુવાથી માંડીને વરિષ્ઠ નાગરિકો ઉપરાંત મુખ્ય માહિતી કમિશ્નર વી.એસ. ગઢવી, સીમ્સ કંપનીના મેનેજીંગ ડિરેક્ટર દિલીપ ચૌહાણ, જાણીતા એડવોકેટ તથા બ્રહ્મસમાજના અગ્રણી અશ્વિન ત્રિવેદી સહિત સાહિત્ય સર્જકો તથા ભાવકોની ભીડ રહી હતી. પુસ્તક પરબના સમાપન બાદ પણ સીમ્સના સ્વયંસેવકોએ સ્થળની સફાઈ કરી હતી.





ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં સર્વ પ્રથમ વખત ટેરોટ કાર્ડ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકારી જીમ ખાના સેક્ટર ૧૯ ખાતે આયોજિત આ સેમિનારમાં ગાંધીનગરના ટેરો કાર્ડ વિશે જાણવા માગતા લોકો એ ઉત્સાહ પૂરો ભાગ લીધો હતો. ટેરો કાર્ડ પરત્વે લોકોના મગજમાં ઘણા વિચારો આવતા હોય છે પરંતુ આ સેમિનારમાં ટેરો કાર્ડ એક મેજીક છે જેને કોઈપણ વ્યક્તિ શીખી શકે છે એવી સમજ આપવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર શહેરના એકમાત્ર ટેરો કાર્ડ રિડર પ્રીતિ ગડકરીએ જણાવ્યું હતું કે ટેરો કાર્ડ થી વર્તમાનમાં ચાલનારી ઘટનાઓને સરળતાથી સમજી શકાય છે અને જેના આધારે આવનારા સમયમાં એક સુવ્યવસ્થિત આયોજન કરી શકાય છે. ગાંધીનગરમાં સેમિનારનું આયોજન પ્રથમ વખત કરવા છતાં ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે જેને લઈને આગામી સમયમાં પણ અવારનવાર ટેરો કાર્ડ સેમિનારનું આયોજન કરવામાં આવશે. ટેરો કાર્ડ રિડર પોતાની તેમજ અન્ય ની સેવા કરી શકે છે અને આર્થિક ઉપાર્જન પણ કરી શકે છે. આ પ્રસંગે અમદાવાદથી ખાસ પધારેલા ટેરોકાર્ડ રીડર શ્વેતા ખત્રીના જણાવ્યા પ્રમાણે કોઈ પણ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે મેડિટેશન ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. મેડિટેશન દ્વારા સુષુપ્ત મનને જાગૃત અવસ્થામાં લાવી ધારેલાં પરિણામો લાવી શકો છો. સેમિનારના અંતે હાજર સૌ ના પ્રશ્ન જવાબ આપવામાં આવ્યા હતા અને ટેરો કાર્ડ થી પોતાના જીવનમાં કેવો બદલાવ આવ્યો તે વિશે પોતાના અનુભવો કહ્યા હતા.

# સાતારા હિલની કપરી હાફ મૅરેથોનમાં ગાંધીનગર રનર્સ ગૃપનો વિજયી દેખાવ





ગાંધીનગર, તા. ૪

મહારાષ્ટ્રના સાતારામાં યોજાતી સાતારા હિલ હાફ મૅરેથોન એ વિશ્વની કપરી મૅરેથોન પૈકીની એક છે. ૨૧.૦૯૭ કિમીની આ હાફ મૅરેથોન પૂર્ણ કરવી એ રનર્સ માટે એક ચૅલેન્જ છે. રવિવારે યોજાયેલી આ મૅરેથોનમાં ગાંધીનગર રનર્સ ગૃપના જગત કારાણી, ભરત પટેલ, સંજય થોરાત, રંજના પવાર, રવિ પટેલ અને હરિશ્ચંદ્રએ ભાગ લઈ નિયત સમયમાં હાફ મૅરેથોન પૂર્ણ કરી ફિનિશરનો મૅડલ મેળવ્યો હતો. દેશ-વિદેશના ૮ હજાર જેટલા રનર્સે આ મૅરેથોનમાં ભાગ લીધો હતો. ગાંધીનગર માટે ગૌરવની વાત એ છે કે ૫૧થી ૫૫ વર્ષની વયના રનર્સની વૅટર્ન કૅટેગરીમાં શહેરના રહીશ હરિશ્ચંદ્રભાઈએ માત્ર ૧ કલાક ૩૭ મિનીટમાં દોડ પૂરી કરીને પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. એમને વિજેતા ટ્રૉફી અને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# શુક્રવારે અમદાવાદ ખાતે ‘દિવ્ય મહેફિલ’ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૪

ઓમ કમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે ૭ સપ્ટેમ્બર ને શુક્રવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે આત્મા હૉલ (મીલ ઓનર્સ બિલ્ડીંગ ઓડિટોરિયમ), આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કવિ મનહરલાલ લક્ષ્મીસંકર રાવલ ‘દિલદાર’ની ચોથી પુણ્યતિથિ નિમિત્તે સાહિત્યિક વ્યાખ્યાન ‘દિવ્ય મહેફિલ’નું આયોજન કરવામાં આવ્યું છે.



આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા ભૂમિકા રજૂ કરશે. મનહર ‘દિલદાર’ના જીવન વિશે એમના સુપુત્ર વિરેન્દ્ર રાવલ વક્તવ્ય આપશે. જાણીતા ગઝલકાર રાજેશ વ્યાસ ‘મિસ્કીન’ મનહર ‘દિલદાર’ની જાણીતી ગઝલોનો પાઠ કરશે અને ગઝલોનું રસદર્શન પણ કરાવશે.

ભાષાપ્રેમી અને સાહિત્ય રસિક જનતા માટે આ કાર્યક્રમ માણવા કોઈ ફી રાખવામાં આવી નથી. ઓમ કમ્યુનિકેશન વતી મેનેજિંગ ટ્રસ્ટી મનીષ પાઠક દ્વારા આ કાર્યક્રમ માણવા સૌને ઈજન પાઠવવામાં આવ્યું છે.

# ‘શ્રીકૃષ્ણનું જીવન ખૂબ જ શિક્ષાપ્રદ છે’

જન્માષ્ટમી નિમિત્તો પ્રાકૃતાચાર્ય ૧૦૮ આચાર્યશ્રી સુનીલ સાગરજી મહારાજે કહ્યું કે નારાયણ શ્રીકૃષ્ણજીના જીવન ચરિત્ર અને અસરકાર કાર્યશૈલીથી ઘણું સીખી જીવનને સુધારી શકાય છે. ગીતાના શ્લોક યદા યદા હિ ધર્મસ્ય... થી પોતાના પ્રવચન શરુ કરી તેમણે કહ્યું કે અસફળ લોકો જ બીજાની ઈર્ષ્યાવશ ટીકા કરતાં હોય છે, તેમની સફળતાનો મજાક બનાવતા હોય છે જ્યારે સફળ લોકો તેની અવગણના કરી કઠોર મેહનત સાથે સતત સફળતાના પગથિયા સર કરતા જાય છે. હરિવંશ પુરાણના કથાનક પ્રમાણે શ્રીકૃષ્ણજી જૈન ધર્મના ૨૨માં તીર્થંકર નેમિનાથના ચચેરા ભાઈ હતા, શ્રેષ્ઠ કર્મોના લીધે તેમની વિશ્વમાં જુદી પ્રતિષ્ઠા છે અને તેઓ ભાવિ ચૌબીસીમાં ૧૬માં તીર્થંકર બનશે. જ્યારે તેમનો જન્મ થયો ત્યારે તેમના જન્મની ખુશી મનાવનાર કોઈ ન હતો અને જ્યારે મૃત્યુ પામ્યા ત્યારે કોઈ સહોદર તેમના પાસે ન હતો, તાઉમ્ર તેઓ ડગલે ના પગલે સંઘર્ષોનું સામનો યુક્તિ પૂર્વક સહનશીલતા, સમતા તથા નૈતિકતા સાથે કરતા રહ્યા. એના પરથી આજના માનવીને બોધપાઠ લેવો જોઈએ કે થોડીક અસફળતાથી નિરાશ ના થવું, પ્રયત્નો ચાલૂ રાખવું અને ક્યારેક આત્મહત્યા જેવું કાયરતાપૂર્ણ વિચાર મનમાં ના લાવવું. શ્રીકૃષ્ણજી તો હર હમેશ ચૈનની બાંસુરી બજાવતા રહ્યાં, પોતે આનંદિત રહ્યા અને લોકોને, સર્વ પ્રાણિઓને પણ બાંસુરીની મધુર ધુનથી આનંદિત કરતા રહ્યા. તેઓની બાસુંરીની ધુન રાજમહલોમાં કૈદ ન હતી પણ તે ગૌ માતાઓ વચ્ચે, યમુનાના તીરે અને કદમ્બની ડાળે ખુલ્લા કુદરતી વાતાવરણમાં ખીલતી હતી. દુખની બાત તો એ છે કે આજે ગરડા પશુઓને બિન ઉપયોગી કાયદાકીય રીતે કતલખાનામાં મોકલી દેવામાં આવે છે જ્યારે તેઓ પોતાના વાછડાઓને ગાયવંશની સંસતિને વાત્સલ્ય ભાવથી સારી રીતે ઉછેરી અને સાચવા શકે છે. ગૌ વંશ સંરક્ષણની આત્મીયતા અને માનવીય શ્રીકૃષ્ણથી સીખવી જોઈએ. મહાભારતના પ્રસંગમાં શ્રીકૃષ્ણજીની ભૂમિકા પરથી સીખી શકાય છે કે કોઈને કારણ વગર અડવું અને નડવું નહિં જ્યાં સુધી સમજાવટથી કામ ચાલી જાય જ્યાં સુધી યુદ્ધ કરવું નહિં કેમ કે થોડીક સમજદારીથી મનની ગાંઠો સહેલાઈથી ખુલી જાય છે. કૃષ્ણના જીવન દર્શનમાં સ્વદેશીની સુવાસ દેખાય છે. તેઓ બ્રજના માખણને મથુરા પહોચવાથી રોકાવા માંગતા હતા અને એના માટે યોગ્ય પ્રયત્ન અને વિરોધ પણ પ્રકટ કર્યા હતા. જેથી આપણી આરોગ્યપ્રદ વસ્તુઓને બહાર નહિં જાય અને તે જરૂરતમંદ લોકોની પહોંચમાં રહે. તેમજ બને ત્યાં સુધી બાહરી વસ્તુઓનું ઉપયોગ નહિં કરવું. વીર પ્રભુની અહિંસાને જીવનમાં આચરનારા અને શ્રીકૃષ્ણજીના ગીતા બોધથી સ્વદેશીના અભિગમને આત્મસાત કરી રેટિયાંને અહિંસક આર્થિક આઝાદીનો અસરકારક અસ્ત્ર બનાવરા ગાંધીજી પ્રત્યક્ષ પ્રમાણ છે. માખનચોરની બાલકૃષ્ણ લીલા પણ પ્રેરણારૂપ છે. એક નાની માખનની ચોરી જે ગામ, સમાજના વાતાવરણ સુખકારી બનાવે છે જેનાથી જરૂરતમંદોની સંતુષ્ટિ થાય તેમાં કાંઈ ખોટું નથી કેમ કે તે ટેબલના ઉપરથી નિખાલસતા અને પ્રેમ સાથે થાય છે નીચેથી નહિં. પેટ ભરવામાં કાંઈ બાધો નથી પેટી ભરવામાં બિન-જરૂરી સંગ્રહમાં છે. આજના દિવસે સ્વાર્થી વ્યક્તિઓ દ્વારા પ્રચલિત જુગાર જેવી વિકૃતિઓ તરફ ધ્યાન દોરતા કહ્યું કે આ નિંદનીય છે, સમાજ માટે નુકસાનકારક છે અને લીધે બીજા દારૂ જેવા બીજા વ્યસનોનું ફૈલાવ પણ થતો હોય છે. શ્રીકૃષ્ણજીની લીલા અને રમત પ્રેમ અને એકજુટતાના પ્રતીક છે જ્યારે સંવેદનહીન લોકો પશુઓને રમતનો માધ્યમ બનાવી તેમના સાથે ક્રૂર અને અમાનવીય વર્તાવ કરી મનોરંજન કરતા હોય છે. શ્રીકૃષ્ણ તો પશુઓને અગાધ પ્રેમ કરનારા તેમના પ્રત્યે અત્યન્ત કરૂણા રાખનારા હતા. તેમનો નામ કૃષ્ણ અને રંગ પણ પ્રેરણાસ્પદ સંદેશો આપે છે કે જીવનમાં શ્રીકૃષ્ણની જેમ એવા કામ કરતાં જાવ કે લોકો તમને કાળા રંગથી નહિં કૃષ્ણ જેવા મોહક નામથી માન આપતા થાય.



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ઍસ ઍસ પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન, આર ઍચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બીઍડ કૉલેજ અને વકીલ શ્રી ડી ઍચ પટેલ ડિપાર્ટમૅન્ટ ઑફ ઍજ્યુકેશન ખાતે તાલીમાર્થીઓને શ્રીકૃષ્ણ જન્મોત્સવના આધ્યાત્મિક પર્વનો ખ્યાલ સ્પષ્ટ થાય તે હેતુથી જન્માષ્ટમી પર્વની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત પ્રાર્થના, રાસલીલા, ગરબા અને મટકીફોડના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનનાં ડીન પ્રૉ. વીણાબેન પટેલ, ડૉ. જિજ્ઞાસાબેન જોષી, ડૉ. કુસુમબેન યાદવ અને અધ્યાપકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# ધો.-૯ અને ૧૧ સાયન્સમાં પાસ થવા ફરજિયાત સિધ્ધી-કૃપા ગુણ

ગાંધીનગર, તા. ૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯થી ૧૨ની પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધા બાદ ધોરણ-૯ અને ધોરણ-૧૧ સાયન્સમાં વર્ગ બઢતી અંગેના નિયમો તાજેતરમાં જાહેર કરાયા છે. ધોરણ-૯ અને ધોરણ-૧૧ સાયન્સમાં વિદ્યાર્થીઓને પાસ થવા માટે ૩૩ ટકાનો નિયમ રાખવામાં આવ્યો છે. જોકે, એક નિયમ તરીકે વિદ્યાર્થીને પાસ થવા માટે સિધ્ધી ગુણ અને કૃપા ગુણ ફરજિયાત આપવાનો પણ નિર્ણય લેવાયો છે. એટલે કે, વિદ્યાર્થીને કોઈ વિષયમાં ૨૫ ટકા ગુણ મળ્યા હોય તો તેને ફરજિયાત સિધ્ધી ગુણ અને કૃપા ગુણ આપી પાસ કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની શૈક્ષણિક સમિતિએ ધોરણ-૯ અને ધોરણ-૧૧ સાયન્સના સુધારેલા વર્ગ બઢતીના નિયમો મંજુર કર્યા છે. આ નિયમોનો ચાલુ શૈક્ષણિક વર્ષથી જ અમલ કરવામાં આવશે અને તે અંગે તમામ સ્કૂલોને જાણ પણ કરી દેવામાં આવી છે. આ અગાઉના ધોરણ-૯ અને ધોરણ-૧૧ સાયન્સના વર્ગ બઢતીના નિયમો રદ કરવામાં આવ્યા છે. ધોરણ-૧૧ સાયન્સ સિવાયના અન્ય પ્રવાહો માટે વર્ગ બઢતીના નિયમો યથાવત રાખવામાં આવ્યા છે. જેથી સાયન્સ સિવાયના અન્ય પ્રવાહમાં વર્ગ બઢતીના નિયમો હાલમાં જે અમલમાં છે તે જ ચાલુ રહેશે. ધોરણ-૯ અને ધોરણ-૧૧ માટે બોર્ડ દ્વારા તૈયાર કરેલા વર્ગ બઢતીના ઘણા બધા નિયમો એક સમાન રાખ્યા છે. જેમાં મહત્વના કહી શકાય તેવા નિયમમાં વિદ્યાર્થીઓને પાસ થવા માટે ૩૩ ટકા ગુણ જે તે વિષયમાં લાવવાના રહેશે. જોકે, વર્ગ બઢતી માટે વિદ્યાર્થીએ જે તે વિષયમાં ઓછામાં ઓછા ૨૫ ટકા ગુણ લાવવાના રહેશે. એકંદરે ૩૩ ટકાથી વધુ ગુણ મેળવનારા વિદ્યાર્થીઓને દરેક ટકા દીઠ ૧ ગુણ અને વધુમાં વધુ ૧૫ ગુણની મર્યાદામાં રહીને પાસ થવા માટે ખુટતા ગુણ આપી શકાશે. આવો લાભ એક કે વધુ વિષયમાં આપવાનો રહેશે. આ ગુણ સિધ્ધી ગુણ કહેવાશે. એક કે એકથી વધુ વિષયમાં નાપાસ વિદ્યાર્થી ઉપલા ધોરણમાં બઢતી મળી શકે તે માટે આચાર્ય ૧૦ કૃપા ગુણની મર્યાદામાં ખુટતા જરૂરી ગુણ આપી શકશે. દરેક વિદ્યાર્થીને પાસ થવા માટે સિધ્ધી ગુણ તેમજ કૃપા ગુણ ફરજિયાત આપવાના રહેશે.

# ભાડજના હરે કૃષ્ણ મંદિરમાં જન્માષ્ટમી ઉજવાઈ



હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે જન્માષ્ટમીની ઉજવણી અનન્ય ઉત્સાહથી કરવામાં આવી હતી. મહાઅભિષેકથી માંડીને આરતી સુધીના અનેકવિધ કાર્યક્રમોનું આયોજન આ ઉજવણી અંતર્ગત કરવામાં આવ્યું હતું. રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન અને હિંડોળા ઝુલાવવાનો લાભ લીધો હતો. ૧ લાખથી વધુ ભાવિકોએ આ પ્રસંગે ઉપસ્થિત રહી કાર્યક્રમને દીપાવ્યો હતો. બાળકો માટે ખાસ કિડ્ઝ ફન ઝોનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેના કારણે બાળકોને પણ આ ઉજવણીમાં પોતાનું મન બહેલાવવાની તક પ્રાપ્ત થઈ હતી.